# સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર ચન્દ્રસિંહ મોરીની ધરપકડ

**રૂ.67.50** લાખ જપ્ત કરતું ઈડી, મોરી 1લી જાન્યુ. સુધી રિમાન્ડ પર

**આરોપી** મોરીને દિલ્હી લઇ જઈ પૂછપરછ કરવામાં આવશે

**લાંચની** રકમ ચોરસ મીટર દીઠ નક્કી થતી અને તે વચેટિયાઓ દ્વારા સ્વીકારવામાં આવતી હતી: ઇડી

ગાંધીનગર: એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટના અધિકારીઓની ટીમ દ્વારા ગઈકાલે સુરેન્દ્રનગરના કલેક્ટર ડો.રાજેન્દ્રકુમાર પટેલના નિવાસસ્થાન તેમજ વઢવાણના રાવળવાસ વિસ્તારમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ તપાસ દરમિયાન મોરીના નિવાસ સ્થાનેથી ઈડીની ટીમને 67.50 લાખ રોકડા મળી આવતાં તે જપ્ત કરી આજે મોરીની ધરપકડ કરી લેવામાં આવી છે. ઈડીની કાર્યવાહીમાં જમીન એનએ કરવામાં મસમોટુ કૌભાંડ બહાર આવ્યું છે. જેના પગલે ઈડીની સાથે હવે એસીબીએ પણ ફરિયાદ દાખલ કરી દીધી છે. દિલ્હીમાં નોંધાયેલી એક ખંડણીની ફરિયાદમાં સુરેન્દ્રનગરના જમીન કૌભાંડનો મામલો બહાર આવ્યો છે. સૌરાષ્ટ્ર ઘરખેડ ટેનન્સી સેટલમેન્ટ | એગ્રીકલ્ચર લેન્ડ ઓર્ડિનન્સ ૧૯૪૯ હેઠળ જમીન NA કરવાનું કૌભાંડ પણ બહાર આવ્યું છે. આયોજનબદ્ધ રીતે લાંચની મોટી રકમ લેવાતી હતી. તેવી ઈડીએ અમદાવાદમાં સ્પે. કોર્ટ સમક્ષ રજૂઆત કરી છે. સ્પીડ મની તરીકે આ રકમ લેવાતી હતી. જેમાં વચેટિયાઓ આ રકમ લઈને કલેક્ટર ઓફિસમાં મોટો વ્યવહાર કરી દેતા હતા. જમીન એનએ કરવાની સત્તાનું કાર્યક્ષેત્ર ચન્દ્રસિહ મોરી પાસે હતું. તે ઉપર સુધી મોટી રકમ પહોંચાડી આ કૌભાંડ ચલાવતો હતો. જો કે, દિલ્હીમાં થયેલી ખંડણીની ફરિયાદના તાર સુરેન્દ્રનગર સુધી પહોંચી જતાં ઈડીની ટીમ વચ્ચે આવી છે. સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં જમીન બિનખેતી (CLU) અને અન્ય વૈધાનિક મંજૂરીઓના નામે ચાલતા મોટા પાયાના ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આ કૌભાંડમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીની મની લોન્ડરિંગના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આરોપીના નિવાસ સ્થાનેથી રૂ.67.50 લાખની રોકડ જપ્ત કરવામાં આવી છે. ત્યારે આરોપી મોરીને સ્પે. પીએલએમએ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપીને 1 જાન્યુઆરી સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યાં છે. બીજી તરફ મોરીને દિલ્હી લઈ જઈ પૂછપરછ કરવામાં આવશે તેમ ઈડીએ રિમાન્ડ રિપોર્ટમાં જણાવ્યું હતું. ED દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું છે કે ચન્દ્રસિંહ મોરી વઢવાણની 'ખારવાણી પોળ' વિસ્તારમાં રહે છે. તપાસ એજન્સીએ જ્યારે તેમના નિવાસસ્થાને સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે બેડરૂમમાં છુપાવી રાખેલી 67.50 લાખની બિનહિસાબી રોકડ મળી આવી હતી. આરોપી મોરીએ ઈડી સમક્ષ સ્વીકાર્યું છે કે, આ રકમ જમીન સંબંધિત ફાઈલોના ઝડપી નિકાલ માટે વચેટિયાઓ મારફતે મેળવેલી લાંચની રકમ છે. જમીનની અરજીઓના પ્રકારને આધારે પ્રતિ ચોરસ મીટર દીઠ લાંચની રકમ અગાઉથી નક્કી કરવામાં આવતી હતી. ચન્દ્રસિંહ મોરી તમામ વચેટિયાઓના નામ અને તેમની ભૂમિકાનો હિસાબ રાખતા હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે બુધવારે ED દ્વારા સ્પેશિયલ PMLA કોર્ટમાં આરોપી મોરીને રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં રિમાન્ડ અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી મોરીએ અત્યાર સુધીમાં 1 કરોડથી વધુની ગુનાહિત કમાણી કરી હોવાનો અંદાજ છે. આ કૌભાંડમાં અન્ય કયાં મોટાં માથાં સામેલ છે અને આ રકમ ક્યાં રોકવામાં આવી છે, આરોપીના બેંક એકાઉન્ટની તપાસ કરવાની છે, આરોપી પાસેથી મળેલા દસ્તાવેજ અંગે પૂછપરછ કરવાની છે, જો આરોપીને કસ્ટડીમાં લેવામાં નહીં આવે તો તે પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા સાક્ષીઓને ધમકાવી શકે છે. તેની તપાસ માટે EDએ આરોપીના 14 દિવસનાં રિમાન્ડની જરૂર છે.

## કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલની બદલી

**જમીન** કૌભાંડનો આંક 1500 કરોડ સુધી પહોંચ્યો

ગાંધીનગર: સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડની રકમ 1500 કરોડ સુધી પહોંચી જવા પામી છે. ઈડી દ્વારા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ધરપકડ કરી લેવામાં આવતા, હવે રાજ્ય સરાકરે આજે રાત્રે કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલની રાતોરાત બદલી કરીને તેમને સામાન્ય વહીવટ વિભાગના હવાલે મૂક્યા છે. હવે કલેક્ટરનો ચાર્જ સુરેન્દ્રનગર જિલ્લા ડીડીઓને સોંપાયો છે. એટલે કે તેમને કોઈ પોસ્ટિંગ અપાયું નથી. ખાસ કરીને કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલના નિવાસ્થાનેથી જમીન કૌભાંડની સંખ્યાબંધ ફાઈલો મળી આવી છે. ઇડીના અધિકારીએ સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયુર ગોહિલ અને કલેક્ટરના અંગત સચિવ જયરાજસિંહ ઝાલા સામે ગુનો દાખલ કરી દીધો છે.

# અરવલ્લીમાં નવી ખનન લીઝ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ

**કેન્દ્ર** સરકારનો મોટો નિર્ણય ગુજરાતથી દિલ્હી સુધી તમામ રાજ્યોને નિર્દેશો, સંરક્ષિત ક્ષેત્રનો વિસ્તાર કરાશે

ગાંધીનગર: દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી સમગ્ર અરવલ્લી પર્વતમાળાના સંરક્ષણ અને ગેરકાયદે ખાણકામથી રક્ષણ તરફના એક મોટા પગલાં તરીકે, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF|CC) એ રાજ્યોને અરવલ્લીમાં કોઈપણ નવી ખાણકામ લીઝ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટેના નિર્દેશો જારી કર્યા છે. આ પ્રતિબંધ સમગ્ર અરવલ્લી લેન્ડસ્કેપમાં સમાન રીતે લાગુ પડે છે અને તેનો હેતુ આ પર્વતમાળાની અખંડિતતાને જાળવી રાખવાનો છે. આ નિર્દેશોનો હેતુ ગુજરાતથી રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR) સુધી વિસ્તરેલી એક અવિરત ભૌગોલિક રિજ તરીકે અરવલ્લીનું રક્ષણ કરવાનો અને તમામ અનિયંત્રિત ખાણકામ પ્રવૃત્તિઓને રોકવાનો છે.

વધુમાં, MoEF|CC એ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE) ને સમગ્ર અરવલ્લીમાં એવા વધારાના વિસ્તારો/ઝોન ઓળખવા માટે નિર્દેશ આપ્યો છે, જ્યાં પારિસ્થિતિક (ecological), ભૌગોલિક અને લેન્ડસ્કેપ-સ્તરની બાબતોના આધારે, કેન્દ્ર દ્વારા પહેલેથી જ પ્રતિબંધિત વિસ્તારો ઉપરાંત ખાણકામ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

ICFRE ને સમગ્ર અરવલ્લી પ્રદેશ માટે ટકાઉ ખાણકામ માટે વ્યાપક, વિજ્ઞાન-આધારિત મેનેજમેન્ટ પ્લાન (MPSM) તૈયાર કરતી વખતે આ કવાયત હાથ ધરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. આ યોજના, જે વ્યાપક હિતધારકોની પરામર્શ માટે જાહેર ક્ષેત્રમાં મૂકવામાં આવશે, તે સંચિત પર્યાવરણીય અસર અને પારિસ્થિતિક વહન ક્ષમતા (ecological carrying capacity) નું મૂલ્યાંકન કરશે, પારિસ્થિતિક રીતે સંવેદનશીલ અને સંરક્ષણ-નિર્ણાયક વિસ્તારોને ઓળખશે અને પુનઃસ્થાપન તથા પુનર્વસન માટેના પગલાં નિર્ધારિત કરશે. કેન્દ્રની આ કવાયત સ્થાનિક ટોપોગ્રાફી, ઇકોલોજી અને જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને સમગ્ર અરવલ્લીમાં સુરક્ષિત અને ખાણકામથી પ્રતિબંધિત વિસ્તારોના વ્યાપને વધુ વિસ્તૃત કરશે.

## ચાલુ ખાણકામ પ્રવૃત્તિઓને વધારાનાં નિયંત્રણો સાથે કડક રીતે નિયંત્રિત કરાશે

કેન્દ્રએ એવો પણ નિર્દેશ આપ્યો છે કે જે ખાણો પહેલેથી જ કાર્યરત છે, તે માટે સંબંધિત રાજ્ય સરકારોએ તમામ પર્યાવરણીય સુરક્ષાના ઉપાયોનું કડક પાલન અને સર્વોચ્ચ અદાલતના આદેશને અનુરૂપ હોવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે. પર્યાવરણીય રક્ષણ અને ટકાઉ ખાણકામ પદ્ધતિઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે ચાલુ ખાણકામ પ્રવૃત્તિઓને વધારાના નિયંત્રણો સાથે કડક રીતે નિયંત્રિત કરવામાં આવશે. કેન્દ્ર સરકાર રણીકરણ (desertification) રોકવા, જૈવવિવિધતાનું સંરક્ષણ કરવા, જળ સ્તર (aquifers) રિચાર્જ કરવા અને પ્રદેશ માટે પર્યાવરણીય સેવાઓમાં અરવલ્લીની નિર્ણાયક ભૂમિકાને ઓળખીને, અરવલ્લી ઇકોસિસ્ટમના લાંબા ગાળાના રક્ષણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

# સુપ્રીમ કોર્ટે અરવલ્લીનો ચુકાદો આપતી વખતે સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિની પણ ઉપેક્ષા કરી હતી




ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

સુપ્રીમ કોર્ટ દ્વારા અરવલ્લી પર્વતમાળા માટે ૧૦૦ મીટરની નવી વ્યાખ્યાનો નિર્ણય કરવામાં આવ્યો તે ઉતાવળે અને શંકાસ્પદ સંયોગોમાં કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ કેસની હકીકતો મુજબ ૧૩ ઓક્ટોબરના રોજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે સુપ્રીમ કોર્ટને અરવલ્લી માટે ૧૦૦ મીટરની નવી વ્યાખ્યાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેના બીજા જ દિવસે સુપ્રીમ કોર્ટની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (CEC) એ સુપ્રીમ કોર્ટની બેન્ચને મદદ કરતાં એમિક્સ ક્યુરીને લખ્યું હતું કે તેમણે ૧૦૦ મીટરની નવી વ્યાખ્યાની ભલામણની તપાસ કરી નથી કે તેને મંજૂરી પણ આપી નથી. ૧૪ ઓક્ટોબરના પત્રમાં CEC એ ભાર મૂક્યો હતો કે ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા (FSI) દ્વારા ઘડવામાં આવેલી વ્યાખ્યા અરવલ્લી ટેકરીઓ અને તેની શ્રેણીના ઇકોલોજીના સંરક્ષણને સુનિશ્ચિત કરવા માટે અપનાવવી જોઈએ. FSI એ રાજસ્થાનના ૧૫ જિલ્લાઓમાં ૪૦,૪૮૧ ચોરસ કિલોમીટર વિસ્તારને ઓછામાં ઓછા ૩ ડિગ્રી ઢાળવાળા લઘુત્તમ ઊંચાઈથી ઉપરના વિસ્તારોને અરવલ્લી તરીકે સૂચિત કર્યા હતા. આ વ્યાખ્યા દ્વારા ૧૦૦ મીટરથી ઓછી ઊંચાઈ ધરાવતી ટેકરીઓ પણ અરવલ્લી તરીકે સુરક્ષિત રહી શકે તેમ છે.

સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ CEC દ્વારા તેને રોક્યા પછી FSI એ આ કવાયત હાથ ધરી હતી. તેમ છતાં ૨૦ નવેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની ૧૦૦ મીટરની ભલામણ સ્વીકારી લીધી હતી. CEC એ SC દ્વારા પર્યાવરણ અને જંગલો સંબંધિત તેના આદેશોનું પાલન સુનિશ્ચિત કરવા માટે સ્થાપિત એક સંસ્થા છે. સુપ્રીમ કોર્ટમાં અરવલ્લી હિલ અને પર્વતમાળાઓની નવી વ્યાખ્યાના પરિણામો અને મુશ્કેલીઓ શીર્ષક હેઠળના પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનમાં એમિકસ ક્યુરીએ મંત્રાલયની ૧૦૦ મીટરની વ્યાખ્યાનો વિરોધ કરવા માટે FSIની ઉપરોક્ત સામગ્રી ઉપર ખૂબ આધાર રાખ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે આ વ્યાખ્યાનો અમલ કરવામાં આવશે તો જંગલો વિખેરાઈ જશે અને અરવલ્લીની ભૌગોલિક વિશેષતા સાચવવામાં આવશે નહીં. તેણે તારણ કાઢ્યું કે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા સૂચવવામાં આવેલો અભિગમ અસ્પષ્ટ છે અને તેને સ્વીકારી શકાય નહીં.

FSIની વ્યાખ્યા અનુસાર અરવલ્લીની સીમા દર્શાવતા નકશાનો ઉપયોગ કરીને પરમેશ્વરે લખ્યું હતું કે વાદળી રેખાઓ ટેકરીની રચના શરૂ થાય છે તે તળેટીની રૂપરેખા દર્શાવે છે, જ્યારે લીલી રેખાઓ અરવલ્લીની સીમાને ચિહ્નિત કરે છે, જેમાં તેના બફર વિસ્તારનો સમાવેશ થાય છે. તે જોઈ શકાય છે કે આ સીમામાં બહુવિધ ટેકરીઓ આવેલી છે, જે સમગ્ર શ્રેણીમાં સામાન્ય ઘટના છે અને કોઈ ચોક્કસ સ્થાન સુધી મર્યાદિત નથી. જો પ્રસ્તાવિત ૧૦૦ મીટરની વ્યાખ્યા લાગુ કરવામાં આવે તો આવી ટેકરીઓને અરવલ્લીના ભાગ તરીકે માન્યતા આપવામાં આવશે નહીં અને પરિણામે ખાણકામ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આના કારણે નિઃશંકપણે ગંભીર ઇકોલોજીકલ પરિણામો આવશે, જેમાં થાર રણના પૂર્વ તરફના વિસ્તરણનો સમાવેશ થાય છે. ૧૦૦ મીટરની વ્યાખ્યા રાજસ્થાનના ૧૫ જિલ્લાઓમાં ફેલાયેલી ૨૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી અરવલ્લીની ૧૨,૦૮૧ ટેકરીઓમાંથી ૯૧.૩ ટકાને બાકાત રાખશે. પવન અવરોધના સાધન તરીકે ટેકરીના ઉપયોગ માટે ૨૦ મીટર ઊંચાઈની કટ ઓફ લાઈન મહત્ત્વપૂર્ણ છે. જો અરવલ્લીની બધી ૧,૧૮,૫૭૫ ટેકરીઓને ધ્યાનમાં લેવામાં આવે તો FSIના આંતરિક મૂલ્યાંકન મુજબ ૯૯ ટકાથી વધુ ટેકરીઓમાં ૧૦૦ મીટરની કટ ઓફ લાઈન કામ નહીં કરે.

અરવલ્લીની ટેકરીઓ બાબતમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની વિરુદ્ધમાં મીડિયામાં જબરદસ્ત રોષ ફાટી નીકળ્યો તે પછી ડેમેજ કન્ટ્રોલ કરતાં હોય તેમ સોમવારે પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું હતું કે સમગ્ર અરવલ્લીના માત્ર ૦.૧૯ ટકા વિસ્તારમાં ખાણકામની મંજૂરી છે, જે ફક્ત ૨૭૮ ચોરસ કિ.મી. માં ફેલાયેલું છે. જોકે, મંત્રાલયના પોતાના ડેટા દર્શાવે છે કે આ ૨૭૮ ચોરસ કિ.મી. રાજસ્થાન, ગુજરાત અને હરિયાણામાં અરવલ્લીમાં પહેલાથી જ ખાણકામ હેઠળનો કુલ વિસ્તાર છે. અરવલ્લીના નીચલા ભાગોને ૧૦૦ મીટરની વ્યાખ્યા હેઠળ બાકાત રાખ્યા પછી મંત્રાલયે હજુ સુધી ખાણકામ અને અન્ય વિકાસ માટેના ભવિષ્યના વ્યાપ પર ધ્યાન આપ્યું નથી. મંત્રીએ એમ પણ કહ્યું કે અરવલ્લી વિસ્તારોની હદ ૧૦૦ મીટરની વ્યાખ્યા હેઠળ આવરી લેવામાં આવી છે તે જમીનનું સીમાંકન પૂર્ણ થયા પછી જ જાણી શકાશે. આ પ્રકારનું કોઈ સીમાંકન હજુ શરૂ પણ કરવામાં આવ્યું નથી. આ પ્રકારનું સીમાંકન કર્યા પછી તેના આધારે ખાણકામ માટે પરવાના આપવામાં આવશે ત્યારે હકીકતમાં ખબર પડશે કે અરવલ્લીના કેટલા વિસ્તારમાં ખાણકામ માટે પરવાનગી આપી શકાય તેમ છે. આવી સ્થિતિમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે સુપ્રીમ કોર્ટને કેવી રીતે ખાતરી આપી કે FSIની ૩ ડિગ્રીની વ્યાખ્યાની તુલનામાં ૧૦૦ મીટરની ફોર્મ્યુલા હેઠળ વધુ વિસ્તારોને અરવલ્લી તરીકે ગણવામાં આવશે, તે હજુ સ્પષ્ટ નથી. હકીકતમાં જૂના આંકડાનો ઉપયોગ કરીને તેઓ જૂઠાણાં ફેલાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે ખાણ માફિયાઓ અરવલ્લીમાં ખોદકામ કરવા આતુર છે.

કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિની ભલામણોને અનુસરીને સુપ્રીમ કોર્ટે અરવલ્લીની પર્વતમાળાઓની ઊંચાઈ-આધારિત વ્યાખ્યા સ્વીકારી છે, પરંતુ ભૂતકાળમાં એવા અનેક કિસ્સાઓ બન્યા છે, જ્યારે અદાલતોએ વિશ્વની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એકના રક્ષણ માટે દરમિયાનગીરી કરી હતી. આ વર્ષના ઓક્ટોબરમાં સુપ્રીમ કોર્ટે હરિયાણા સરકારને વિશ્વના સૌથી મોટા પ્રાણી સંગ્રહાલય-સફારી પ્રોજેક્ટ તરીકે ઓળખાતા પ્રસ્તાવિત અરવલ્લી જંગલ સફારી પર કોઈ કામ હાથ ધરવા નહીં તેવો નિર્દેશ આપ્યો હતો. ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે પાંચ નિવૃત્ત વરિષ્ઠ ભારતીય વન સેવા (IFS) અધિકારીઓ અને પર્યાવરણીય અધિકાર સમૂહ પીપલ ફોર અરવલ્લી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર હરિયાણા સરકારને નોટિસ જારી કરી હતી. અરજદારોએ પર્યાવરણીય રીતે સંવેદનશીલ અરવલ્લી ટેકરીઓમાં ૧૦,૦૦૦ એકર જમીન પર જંગલ સફારી પાર્ક વિકસાવવાની હરિયાણા સરકારની યોજનાને પડકાર ફેંક્યો હતો.

હરિયાણાના અરવલ્લીમાં ગેરકાયદેસર ખાણકામ કરવામાં આવ્યું છે તે જમીનની પુનઃપ્રાપ્તિ અથવા પુનર્વસન માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તે નોંધીને, રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ હરિયાણા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ગેરકાયદેસર ખાણકામ માટે એકત્રિત કરાયેલ પર્યાવરણીય દંડનો ઉપયોગ જમીનના પુનર્વસન માટે કરવા માટે એક યોજના રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. NGT હરિયાણાના અરવલ્લીમાં ગેરકાયદેસર રેતી અને પથ્થર ખાણકામ અંગેના કેસની સુનાવણી કરી રહ્યું હતું. અરજદાર અરવલ્લી બચાવો નાગરિક ચળવળે NGT સમક્ષ રજૂઆત કરી હતી કે ગયા વર્ષે ઓગસ્ટમાં હરિયાણા સરકારના ખાણ અને ભૂસ્તરશાસ્ત્ર નિયામક તરફથી મળેલા RTI જવાબમાં જણાવાયું હતું કે ગુડગાંવ, ફરીદાબાદ અને નુહ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામના કેસોમાં ૨૦૧૦ થી ૨૦૨૨ દરમિયાન દંડ અથવા પર્યાવરણીય વળતર તરીકે ૨૪,૯૬,૦૪,૫૨૮ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે ચાલુ વર્ષના મે મહિનામાં દિલ્હી સરકારના વરિષ્ઠ અધિકારીઓ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) અને એક ખાનગી ડેવલપરને કારણદર્શક નોટિસ ફટકારી હતી, જેમાં એમ.સી. મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા કેસ હેઠળ ૧૯૯૬ના તેના નિર્દેશના ઉલ્લંઘન અને વસંત કુંજમાં મોર્ફોલોજિકલ રિજ વિસ્તારમાં હાઉસિંગ સોસાયટીના બાંધકામ સાથે આગળ વધવા બદલ ખુલાસો માંગવામાં આવ્યો હતો. ૧૯૯૬ના નિર્દેશમાં જણાવાયું હતું કે કોર્ટની પૂર્વ મંજૂરી વિના પહાડી જમીનને અતિક્રમણ અને બિન-વન ઉપયોગથી સુરક્ષિત રાખવી જોઈએ. આ કેસ દિલ્હીની પર્વતમાળાના રક્ષણ સાથે સંબંધિત છે, જે એક મહત્ત્વપૂર્ણ લીલોતરી વિસ્તાર છે, જે શહેરનાં ફેફસાં તરીકે કાર્ય કરે છે અને અરવલ્લી પર્વતમાળાનો મુખ્ય ભાગ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સુપ્રીમ કોર્ટની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિએ સુપ્રીમ કોર્ટની બેન્ચને મદદ કરતાં એમિક્સ ક્યુરીને લખ્યું હતું કે તેમણે ૧૦૦ મીટરની નવી વ્યાખ્યાની ભલામણને મંજૂરી આપી નથી**

# BUSINESS મિત્ર

**આજે નાતાલ તહેવાર નિમિત્તે શેરબજાર બંધ રહેશે**

# નવી લેવાલીના અભાવે સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** આવતીકાલે નાતાલના તહેવાર નિમિત્તે જાહેર રજાના પગલે ભારતીય શેરબજારમાં સાવેચતીનું વલણ જોવાયું હતું. ખાસ કરીને એફઆઈઆઈની પણ વેચવાલી જોવા મળી હતી. જેના લીધે શેરબજારમાં નજીવી વધઘટ સાથે સપાટ બંધ રહ્યા હતા. બજારના નિષ્ણાતો રૂપિયાની હિલચાલ, એફઆઈઆઈની પ્રવૃત્તિ, આઈપીઓ સંબંધિત વિકાસ અને વૈશ્વિક સંકેતો પર નજર રાખશે. સેકટર વાઈઝ જોઈએ તો ઓઈલ એન્ડ ગેસ, ફાર્મા અને આઈટી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા અને મેટલ શેરોમાં તેજીનો દોર જળવાયો હતો. આજે લાર્જકેપ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ નરમાઈ જોવા મળી હતી. રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે, વર્તમાન પ્રવાહિતાને જોતાં બેન્કીંગ સીસ્ટમમાં પ્રવાહિતા દાખલ કરવા માટે કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે, બીએસઇ સેન્સેક્સ 116.14 પોઈન્ટ એટલે કે 0.14 ટકા ઘટીને 85408.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85738 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85342 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 35.05 પોઈન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 26150 પોઈન્ટની સપાટી તોડીને 26142.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26236 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26123 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 115.95 પોઈન્ટ એટલે કે 0.2 ટકા ઘટીને 59183.60 પોઈન્ટ સુધી ઘટીને બંધ રહ્યો હતો. બીએસઇ ખાતે જેબીએમ ઓટો 19.02 ગણા, એચઈજી લિ. 4.83 ગણા, અંજતા ફાર્મા 4.45 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટ 2.18 ગણા અને ઓલેક્ટ્રા ગ્રીનટેક લિ. 2.18 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કેસ્ટ્રોલ ઈન્ડિયા 34.1 ગણા, જેબીએમ ઓટો 32.25 ગણા, અંજતા ફાર્મા 13.39 ગણા, મન્નાપુરમ ફાઈનાન્સ 8.3 ગણા અને ઓલેકટ્રા ગ્રીનટેક 5.78 ગણા કામકાજ નોંધાયા છે. નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ ઘટ્યા હતા. જેમાં મહાનગર ગેસ, આઈઓસી, એજીસ લોજીસ્ટીક, બીપીસીએલ, ઈન્દ્રપ્રસ્થ ગેસ, ગુજરાત ગેસ, એચપીસીએલ, ગેઈલ, ઓએનજીસી અને રિલાયન્સ ઈન્ડ. ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં ટુંકા સત્રની પુર્વ સંધ્યાએ સત્ર મ્યુટ રહ્યું હતું. એશિયન બજારો પણ મિશ્ર બંધ રહ્યા હતા. જાપાનના મીડિયા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, દેશ તેના નાણાકીય વર્ષ 2026ના બજેટને ભંડોળ આપવા માટે લગભગ 29.6 ટ્રિલિયન યેન નવા સરકારી બોન્ડ જારી કરવાની તૈયારીમાં છે.

## રૂપિયામાં 11 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા ઘટીને 89.77ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.66ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.62, પાઉન્ડ 121.32, કેનેડિયન ડોલર 65.53, ઓસ્ટ્રેલિયન ડોલર 60.15, જાપાનીઝ યેન 0.5758 અને સીંગાપોર ડોલર 70.14ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 89.77 રૂ. |
| યુરો | 105.62 રૂ. |
| પાઉન્ડ | 121.32 રૂ. |
| યેન | 0.5758 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -116.14 | 85408.70 |
| નિફ્ટી | -35.05 | 26142.10 |
| બેન્ક નિફ્ટી | -115.95 | 59183.60 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.39 | 4289.60 |
| શ્રીરામ ફાઇ. | 1.66 | 973.70 |
| અપોલો હોસ્પિટલ | 1.39 | 7172.00 |
| અદાણી પોર્ટસ | 0.05 | 1494.30 |
| મારૂત સુઝુકી | 0.71 | 16703.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| વિપ્રો ઇન્ડિયા | 1.23 | 268.06 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.46 | 5081.50 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.38 | 1265.80 |
| સન ફાર્મા | 1.08 | 1737.00 |
| ટીએમપીવી | 1.11 | 359.20 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.36 | 4288.90 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.87 | 11777.60 |
| મારૂતિ સુઝુકી | 0.66 | 16687.10 |
| પાવરગ્રીડ | 0.56 | 268.45 |
| બજાજ ફાઇનાન્સ | 0.34 | 1014.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 1.43 | 5080.90 |
| સન ફાર્મા | 1.01 | 1737.50 |
| એશિયન પેઇન્ટસ | 0.83 | 2785.05 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.82 | 1557.95 |
| એચયુએલ | 0.80 | 2282.90 |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૧૧૨૦ |
| તેજાબી સોનું | ૧૪૧૦૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૪૦૬૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૮૩૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૧૧૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૬૩૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૭૮૫૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# ચાંદીમાં આ વધારો માત્ર શરૂઆત છે: વેદાંતાના અનિલ અગ્રવાલનો દાવો

**ચાંદી** માત્ર ઝવેરાત પુરતી મર્યાદિત નથી, પણ ઔદ્યોગિક તથા કિંમતી ધાતુ બની ગઇ

નવી દિલ્હી, તા. 24: વેદાંતા તેની પેટાકંપની હિન્દુસ્તાન ઝિંક દ્વારા ભારતમાં ચાંદીનો સૌથી મોટો ઉત્પાદક છે.

વેદાંતા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલનું કહેવું છે કે ચાંદીના ભાવમાં તીવ્ર વધારો હજુ પ્રારંભિક તબક્કામાં છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે 2025માં અત્યાર સુધીમાં ડોલરની દ્રષ્ટિએ ચાંદીમાં લગભગ 125 ટકાનો વધારો થયો છે. આ જ સમયગાળામાં સોનામાં લગભગ 63 ટકાનો વધારો થયો છે.

અગ્રવાલના જણાવ્યા અનુસાર, આ દર્શાવે છે કે કિંમતી ધાતુઓમાં ચાંદીની ભૂમિકા ઝડપથી બદલાઇ રહી છે. આજરોજ બપોરે ચાંદીની કિંમત 1.82 ટકા વધીને 2.23 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઇ રહી હતી.

અનિલ અગ્રવાલના જણાવ્યા અનુસાર, ચાંદી હવે માત્ર રોકાણ અથવા ઝવેરાત સુધી મર્યાદિત નથી. તે એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક ધાતુ તેમજ કિંમતી ધાતુ બની ગઈ છે.

# ઇન્ડિગોનું ઘમંડ તૂટશે, દેશને ત્રણ નવી એરલાઇન્સ મળશે

**ભારત** સરકારે ત્રણ એરલાઇન્સને મંજૂરી આપી: ઇન્ડિગો-એર ઇન્ડિયા ગ્રુપનો 90 ટકા હિસ્સો ધરાવે છે

નવી દિલ્હી, તા. 24: ઈન્ડિગો સંકટ બાદ કેન્દ્ર સરકારે મોટું પગલું ભરીને ત્રણ નવી એરલાઈન્સને મંજૂરી આપી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ત્રણ પ્રસ્તાવિત એરલાઈન્સને એનઓસી જારી કર્યા છે. તે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારમાં વધતી જતી ડ્યુઓપોલી વિશેની ચિંતાઓ વચ્ચે સ્પર્ધાને વેગ આપવા માંગે છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડુએ કહ્યું હતું કે તેઓ ગયા અઠવાડિયે ત્રણ નવી એરલાઈન્સની ટીમોને મળ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ એક્સ પોસ્ટમાં લખ્યું, છેલ્લા એક અઠવાડિયામાં, નવી એરલાઈન્સ સંખ એર, અલ હિન્દ એર અને ફ્લાય એક્સપ્રેસની ટીમોને મળવાનો આનંદ થયો જે ભારતીય આકાશમાં ઉડાન ભરવા માટે મહત્વાકાંક્ષી છે. શંખ એરને મંત્રાલય તરફથી એનઓસી મળી ચૂકી છે, અલ હિંદ એર અને ફ્લાય એક્સપ્રેસને આ અઠવાડિયે એનઓસી મળી ગઈ છે. શંખ એરે પોતાની વેબસાઈટ પર જણાવ્યું છે કે એરલાઇન નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટથી ફુલ સર્વિસ એરલાઈન તરીકે ઓપરેટ કરવાની યોજના બનાવી રહી છે. અલહિન્દ ગ્રુપ દ્વારા સમર્થિત અલ હિન્દ એર એટીઆર 72-600 ટર્બોપ્રોપ એરક્રાફ્ટના કાફલા સાથે પ્રાદેશિક કમ્યુટર એરલાઈન તરીકે લોન્ચ કરવાની યોજના બનાવી રહી છે, જે શરૂઆતમાં દક્ષિણ ભારતના સ્થાનિક માર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી એનઓસી મેળવ્યા પછી, સાંખ એર 2026 ના પ્રથમ ક્વાર્ટરમાં ફ્લાઇટ સેવાઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. શંખ એવિએશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેનું વિમાન હાલમાં તકનીકી સમીક્ષા હેઠળ છે અને ભારતમાં ડિલિવરી માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. ઉત્તર પ્રદેશ સ્થિત શંખ એવિએશન શંખ એરનું સંચાલન કરશે. શંખ એવિએશનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રવણ કુમાર વિશ્વકર્માએ સોમવારે નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુ સાથે મુલાકાત કરી હતી અને તેમને એરલાઈનની યોજનાઓ વિશે માહિતી આપી હતી. વિશ્વકર્માના જણાવ્યા અનુસાર, એરલાઈન 2026ના પ્રથમ ક્વાર્ટરની આસપાસ તેની ફ્લાઈટ સેવાઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કંપનીનું લક્ષ્ય આગામી બેથી ત્રણ વર્ષમાં તેના કાફલાને વધારીને 20-25 એરક્રાફ્ટ કરવાનો છે.

# સોના અને ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડ્યા, સોનુ 4500 ડોલરને પાર

**અમેરિકાના** ફેડ વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાએ સોના-ચાંદીના ભાવ હજુય ઉછળી શકે

નવી દિલ્હી, તા. 24: અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે વધતા તણાવ અને આવતા વર્ષે ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો થવાની અપેક્ષાને કારણે સોના અને ચાંદીના ભાવ આજે સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ 0.5 ટકાથી વધુ વધીને 4500 ડોલર પ્રતિ ઔંસ થઇ ગયા છે.

ભારતીય બજારમાં એમસીએક્સ પર ફેબ્રુઆરી કોન્ટ્રાક્ટ સોનાની કિંમત વધીને 1,38,676 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થઇ ગઇ છે, જે અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટી છે. તે જ સમયે, માર્ચ કોન્ટ્રાક્ટથી ચાંદી 2 ટકાથી વધુ વધીને 2,24,300 રૂપિયા પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ છે. આ લેખન સમયે એમસીએક્સ પર સોનું 0.45 ટકા અથવા 625 રૂપિયા વધીને 1,38,510.00 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ રહ્યું છે, જ્યારે ચાંદી 4,207 રૂપિયા અથવા 1.92 ટકાના વધારા સાથે 2,23,860.00 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને એક પછી એક નવા રેકોર્ડ બનાવ્યા છે.

એચડીએફસી સિક્યોરિટીઝના હેડ ઓફ પ્રાઈમ રિસર્ચના જણાવ્યા અનુસાર, વિશ્વમાં વધતી જતી અનિશ્ચિતતા અને અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષાઓને કારણે લોકો સોના અને ચાંદીમાં સલામત આશ્રયસ્થાન તરીકે રોકાણ કરી રહ્યા છે. આ કારણોસર સ્પોટ ગોલ્ડ 4500 ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયું હતું. તે જ સમયે, ચાંદીએ પણ નવો રેકોર્ડ બનાવ્યો અને આંતરરાષ્ટ્રીય બજારમાં 72 ડોલરને પાર કર્યો.